# પાલનપુરમાં વધુ એક ખાનગી કંપનીએ રોકાણકારોને નવડાવ્યા

## કલ્પતરૂ કંપનીમાં રોકાણકારોના લાખો રૂપિયા ફસાતા કંપનીના હેડ સહિત પાંચ વિરુદ્ધ નોંધાઈ છેતરપીંડીની ફરિયાદ

જિલ્લા મુખ્યાલય પાલનપુર શહેરના ગોબરીરોડ પર આવેલ કલ્પતરૂ નામની ખાનગી કંપની ઉઠી જતા રોકાણકારોને રોવાનો વારો આવ્યો છે. રોકાણકારોના લાખો રૂપિયા ફસાતા કંપનીના હેડ સહિત પાંચ વિરુદ્ધ પાલનપુર પોલીસ સ્ટેશને છેતરપિંડીની ફરીયાદ થઈ છે.

પાલનપુર શહેર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, પાલનપુરના ગોબરીરોડ ઉપર આવેલ સાઈ કોમ્પલેક્ષ માં વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૭ દરમ્યાન ચાલતી કલ્પતરૂ ગ્રુપ અને કલ્પતરૂ કંપનીમાં અનેક લોકોએ રોકાણ કર્યું હતું. આ કંપનીની વિવિધ લોભામણી સ્કીમોમા અનેક લોકોએ પોતાની કાળી મજૂરીના પૈસાનું રોકાણ કર્યું હતું.

જેમાં ફોટોગ્રાફર નો વ્યવસાય કરતા સાબરકાંઠા જિલ્લાના પાદરડી ગામના ફોટોગ્રાફર હરેશભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિએ પણ કલ્પતરૂ કંપનીની વિવિધ સ્કીમમાં નાણાનું રોકાણ કર્યું હતું. પરંતુ કંપની દ્વારા આ રોકાણકારને પાકતી મુદ્દતે નાણાં પરત કરવામાં ન આવતા તેમજ તેમના જેવા અનેક નાના રોકાણકારો સાથે પણ કંપની દ્વારા છેતરપીંડી કરાઈ હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવતા હરેશભાઈ પ્રજાપતિએ રૂ.૬૪,૦૩,૯૦૦ ના રોકાણ સામે પાકતી મુદ્દતે રૂ ૮૯,૩૯,૪૯૪ ની કલ્પતરૂ કંપની દ્વારા છેતરપીંડી કરાઈ હોવાની પાલનપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

# પ્રાંતિજના વાધપુર ખાતે શ્રી કાલભૈરવ મંદિર ખાતે દ્વિતિય પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વાધપુર ખાતે આવેલ શ્રી કાલભૈરવ દાદાના મંદિર ખાતે દ્વિતિય પાટોત્સવ યોજાયો હતો. જેમાં પોટોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે વાધપુર સરપંચ ભરતસિંહ રાઠોડ, તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, મહાવીરસિંહ, લક્ષ્મણસિંહ રાઠોડ, મંદિર વ્યવસ્થાપકો, ગામજનો, આગેવાનો સહિત હજારોની સંખ્યામાં ભક્તો પાટોત્સવમાં ઉપસ્થિત રહીને દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# ધનસુરાના બારનોલી ગામના એક જ પરિવારની બે બાળકીઓ સ્વાઈન ફ્લૂની ઝપેટમાં

ધનસુરા, તા. ૨૪

આરોગ્ય વિભાગ તંત્રે સ્વાઈનફ્લુનું નામ બદલી ભલે સીઝનલ ફલૂ કરી દીધું હોય પરંતુ એચ૧એન૧ નામના વાઈરસનો આતંક ધીરે ધીરે અરવલ્લી જીલ્લામાં હાહાકાર મચાવી દીધો છે. જીલ્લા આરોગ્ય વિભાગના ચોપડે સ્વાઈનફલુ અને શંકાસ્પદ સ્વાઈનફ્લુના બદલે સીઝનલ અને વાઈરલ ફ્લુનો ભેદભરમ દાખવી બેદરકારી છુપાવાના પ્રયાસો વચ્ચે અરવલ્લી જીલ્લામાં સ્વાઈનફલુ નામની મહામારી બીમારી બેકાબુ બનતા પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. બાયડના રૂઘનાથ પુરાના ૩૨ વર્ષીય યુવાનને સ્વાઈનફલુ ભરખી જવાની ઘટનની હજુ શાહી સુકાઈ નથી ત્યારે બારનોલીના બે માસુમ બાળકો સ્વાઈનફ્લૂની ઝપેટમાં સપડાતા આરોગ્ય તંત્ર ઉંધા માથે પટકાયું હતું.

ધનસુરા તાલુકાના બારનોલી

ગામના ભરવાડ પરિવારના ૪ વર્ષીય પુત્રી અને ૨ વર્ષીય પુત્રીને શરદી, ખાંસી અને તાવની અસર જણાતા મોડાસા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ખાનગી હોસ્પિટલના તબીબે સઘન સારવાર હાથ ધરવા છતાં બંને બાળકોને શ્વાસ લેવામાં તકલીફ પડતા અને તાવ ન ઉતરતા તબીબને બંને બાળકો શંકાસ્પદ સ્વાઈનફલુ જણાતા પરિવારજનોએ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા તબીબે લેબોરેટરી પરીક્ષણ કરાવતા બંને બાળકો સ્વાઈનફલુ પોઝેટીવ આવતા બંને બાળકોને અમદાવાદના તબીબે ટેમિફ્લૂ આપી સઘન સારવાર હાથ ધરી હતી. ધનસુરા આરોગ્ય તંત્ર દ્વારા સ્વાઈનફલુ ઝપેટમાં સપડાયેલા બંને બાળકોના પરિવારજનોને ટેમિફ્લૂ આપી સર્વેની કામગીરી હાથ ધરી શરદી, ખાંસી અને તાવના લક્ષણ ધરાવતા દર્દીઓનું સ્ક્રીનિંગ હાથ ધર્યું હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી. અરવલ્લી જીલ્લાના પ્રજાજનો સ્વાઈનફ્લુના અજગરી ભરડામાં સપડાતા સ્વાઈનફલુ નાથવામાં જીલ્લા આરોગ્ય તંત્રની ઘોર બેદરકારી બહાર આવી રહી છે. જીલ્લામાં શંકાસ્પદ સ્વાઈનફ્લૂની ઝપેટમાં અનેક લોકો સપડાયા છે.

# બજેટમાં થયેલા અન્યાય સામે બનાસકાંઠાના દિવ્યાંગોની ચૂંટણી બહિષ્કારની ચીમકી

## પાલનપુરમાં દિવ્યાંગોએ મૌન રેલી યોજી વિરોધ જતાવ્યો

જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં દિવ્યાંગો દ્વારા તેમની પડતર માંગોને લઈ મૌન રેલી યોજવામાં આવી હતી. જેમાં

બજેટમાં દિવ્યાંગો માટે કોઈ સહાયની જોગવાઈ કરવામાં ન આવતા આગામી લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

રાજ્યની ભાજપ સરકારના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં વિધવા,વૃદ્ધ,આંગણવાડી કાર્યકરો સહિત તમામ વર્ગના લોકો માટે વિશેષ લાભ અને યોજનાઓની જોગવાઈઓ કરવામાં આવી છે. પરંતુ દિવ્યાંગોના પેન્શનમાં વધારો તેમજ દિવ્યાંગોને વિવિધ લાભો અંગે કોઈ જ જોગવાઈ કરવામાં આવી નથી. ત્યારે બનાસકાંઠા ના દિવ્યાંગોમાં સરકાર પ્રત્યે નારાજગી પ્રવર્તી રહી છે.

દરમિયાન, પડતર પ્રશ્નો અને માંગણી ઓને લઈ આજે બનાસકાંઠાના દિવ્યાંગોએ પાલનપુર ખાતે મૌન રેલી યોજી હતી. જેમાં તેમને બજેટમાં વિશેષ લાભ આપવાની માંગ કરી હતી. અને સરકાર દ્વારા તેમની માંગણી સંતોષવામાં નહિ આવે તો આગામી લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

આમ વિશેષ લાભો ની માંગો સાથે હવે દિવ્યાંગો પણ સરકાર સામે બાંયો ચડાવતા સરકારને વધુ એક મુશ્કેલીનો સામનો કરવો પડશે.

**અશરફનગર કસ્બા મદ્રેસા કમિટી ધ્વારા યોજાયો ઇનામ વિતરણ કાર્યક્રમ : શહીદ થયેલા જવાનોને બે મિનિટનુ મોન પાળી શ્રધ્ધાંજલિ**

હીંમતનગર શહેરના અશરફનગર કસ્બા મદરેસા કમિટી ધ્વારા તેજસ્વી વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓને ધર્મ વિશે રુચી અને જ્ઞાન વધે તેવાં આશયથી છેલ્લા ત્રણ વર્ષથી મદ્રેસા કમિટીના ચેરમેન યુનુશખાનપઠાણ ધ્વારા તેજસ્વી વિદ્યાર્થી તથા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહીત કરવામા આવે છે. ઈનામ વિતરણના આ કાર્યક્રમ દરમ્યાન આતંકીઓના હુમલામા શહિદ થયેલા જવાનોને બે મિનિટનુ મોન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ઈનામ વિતરણના આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે દારુલઉલુમ હશનીયાના મોલાના મુફ્તી ગુલઝાર અહમદભાઈ તથા મુખ્ય મહેમાન તરીકે સૈયદ નઈમુદીન હાજી સુલેમાન કડીવાલા હાજી જહુરભાઈ જાયલાવાળા તથા સિકંદરશેખ મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. મદરેસામા દીની તાલીમ લઈ રહેલા બસો પચાસ વિદ્યાર્થી તથા વિદ્યાર્થીઓમાંથી દરેક વર્ગના પ્રથમ, દ્વિતીય તથા ત્રીતીય સ્થાન મેળવેલા વિદ્યાર્થી તથા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહીત કરવામા આવ્યા હતા. ઈનામ વિતરણના કાર્યક્રમમાં કસ્બા જમાતના પ્રમુખ કાલુમીંયા શેખ, મદરેસા કમિટીના ચેરમેન યુનુશખાન પઠાણ, મંત્રી સિરાજભાઈ સિકંદર શેખ, અબ્બાસ મનસુરી, રફીક બહેલીમ, સતારદિવાન, કસ્બા જમાતના સદસ્યો તથા કસ્બા વિસ્તારના રહીશો ખૂબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**સરસ્વતી સંકુલની શોકાંજલી**

કાશ્મીરના પુલવામામાં થયેલ આતંકી હુમલાથી શ્રી એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાલય, મોડાસાના ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આઘાત સહ આક્રોશની લાગણી અનુભવી હતી. શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા, શાળા પરિવારે શાંતિ પ્રાર્થના કરી હતી. શાળાના પ્રિન્સિપાલ ડૉ. જિજ્ઞેશ સુથારે સમગ્ર ઘટનાની વિગતવાર, ભાવવાહી રજૂઆત કરી હતી. ત્યાર બાદ બે મિનિટનું મૌન પાળી, આવા હીચકારાં કૃત્યો માટે જવાબદાર તત્વોને પાઠ ભણાવવા તંત્રને વિનંતી કરી હતી.

# પાલનપુરમાં પ્રૌઢને ચૂનો ચોપડતો ગઠિયો પ્રૌઢનું એટીએમ બદલી ૩૯૦૦૦ ઉપાડી લેતો ભેજાબાજ

પાલનપુરમાં એક ભેજાબાજે ૬૨ વર્ષીય પ્રૌઢનું એટીએમ બદલી રૂપિયા ૩૯૦૦૦ ઉપાડી લીધા હતા. બાદમાં કાર્ડનો ઉપયોગ કરી જવેલર્સની દુકાનમાંથી રૂપિયા ૪૦,૦૦૦ની સોનાની ચેઈનની ખરીદી કરી હતી. આ અંગે તેમણે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

મૂળ વડગામ તાલુકાના જૂની સેધણી ગામના અને હાલમાં ગીતાનગર સોસાયટી સોનપતિ હનુમાનજી મંદિર નજીક રહેતા ૬૨ વર્ષીય જયંતીલાલ સોમાભાઈ કટારીયા શહેરના જુના ગંજબજાર સામે આવેલી એસ.બી.આઈ બેંકના એટીએમમાંથી નાણાં ઉપાડી બહાર નીકળ્યા હતા. દરમિયાન, અજાણ્યા ગઠીયાએ તેમનું એટીએમ કાર્ડ જોવા માંગી બદલાવી નાખ્યું હતું. અને દિલ્હીગેટ એટીએમમાંથી તબક્કાવાર રૂપિયા ૧૯૦૦૦ અને ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૯,૦૦૦ ઉપાડી લીધા હતા. તેમજ કાર્ડનો ઉપયોગ કરી સી.જી.જવેલર્સમાંથી રૂપિયા ૪૦,૦૦૦ની સોનાની ચેઈનની પણ ખરીદી કરી હતી.

આમ પ્રૌઢના કુલ રૂપિયા ૭૯,૦૦૦ હજાર ઉપાડી ઠગાઈ કરવામાં આવી હતી. આ અંગે જયંતીલાલએ પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સ સામે ગૂનો નોંધી તેને ઝડપી લેવાના ચકોગતિમાન કર્યા છે.

# પાલનપુરમાં ભોયરામાં આગ લાગતા અફરા તફરી

## ભોયરામાં પડેલ ફર્નિચર અને ઇલેક્ટ્રોનિક્સનો માલસામાન બળીને રાખ થતાં લાખોનું નુકસાન

પાલનપુરમાં મહાજન હોસ્પિટલ સામે ગતમોડી રાત્રિએ ગીતાંજલી કોમ્પ્લેક્ષના ભોયરામાં

આગ લગાતા ભોયરામાં પડેલા માલ-સામાનને ભારે નુકસાન થયું હતું . જ્યારે ઘટનાની જાણ વાયુવેગે શહેરમાં પ્રસારતા ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જયાં દોડી આવેલા નગરપાલિકાના ફાયર ફાયટર દ્વારા આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં માલ- સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

પાલનપુર શહેરના જૂના ટેલિફોન એક્ષચેન્જ પાછળના નવીન બનેલ ગીતાંજલી કોમ્પ્લેક્ષના ભોયરામાં અગમ્ય કારણોસર અચાનક આગ લાગી હતી. ઘટનાની જાણ શહેરમાં વાયુવેગે પ્રસરતા લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. જેથી ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જો કે, કેટલાક સેવાભાવી યુવાનો એ પ્રાથમિક તબક્કે માનવ સાંકળ રચીને પાણીની ડોલે ડોલે આગ ઓલવવાના પ્રયત્નો કર્યા હતા.

જોકે, ઘટનાની જાણ પાલનપુર નગરપાલિકા ફાયર ફાઈટર અને પોલીસને જાણ કરતા ગણતરીના સમયમાં જ નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમ અને પોલીસ કર્મીઓ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. અને પોતા પોતાની કામગીરી હાથ ધરી હતી અને ભારે જહેમત બાદ આગને ઓલવવામાં સફળતા મળી હતી. જો કે, આગ એટલી વધુ તીવ્ર હતી કે જેની ગરમીને લીધે ઉપર આવેલી દુકાનોના બોર્ડો બળી ગયેલ જ્યારે કોમ્પ્લેક્ષના ભોયરામાં પડેલ એક વેપારીનો ઈલેક્ટ્રોનિક્સનો માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો.

# ધાનેરા તાલુકાના કુમર ગામે એન. એસ. એસ.ની ખાસ શિબિર યોજાઈ

ધાનેરા તાલુકાના કુમર મુકામે એન.એસ.એસ.ની ખાસ શિબિર યોજાઈ હતી આ શિબિરમાં બેટી બચાવો બેટી પઢાવો અભિયાન દ્વારા યુવા પેઢીના શિક્ષણ અને વ્યસન મુકત સમાજ બને તે બાબતે તેમજ સામાજિક કુરિવાજો દૂર કરી સ્વસ્થ સમાજના નિર્માણ માટે હાકલ કરાઈ હતી આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી તથા કુમર ગામના સરપંચ શ્રી કાંતિભાઈ ડાભી દ્વારા ભારે જહેમત ઉઠાવી તેમણે આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો અને આ પ્રસંગે ધાનેરાના પૂર્વ ધારાસભ્ય શ્રી મફતભાઈ પુરોહિતે પણ લોકોને વ્યસન મુક્ત સમાજ બનાવવા ગામ લોકોને માર્ગદર્શન આપ્યુ હતુ.

# નવસારીના જૈન પરિવારની કાર સાથે ઝાલોદર નજીક નીલગાય ભટકાતા એકનું ઘટનાસ્થળે મોત

શામળાજી-ગોધરા રાજ્યધોરી માર્ગ પર મોડાસાના ઝાલોદર પાટિયા નજીક સુરતથી જૈન પરિવાર કારમાં

રાજસ્થાન લગ્ન પ્રસંગમાં હાજરી આપવા જતા વહેલી સવારે નીલ ગાય કાર સાથે અથડાતા કારનો કડૂચાલો વળી ગયો હતો. કારમાં સવાર પિતાનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. માતા-પુત્રના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ મારફતે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ૧૦૮ સ્ટાફના કર્મચારીઓએ મૃતક પાસેથી મળેલ સોનાના દાગીના અને રોકડ રકમ મોડાસા રૂરલ પોલીસને સુપ્રત કર્યા હતા.

નવસારીના વેપારી ભંવરલાલ જૈન કારમાં તેમના પરિવાર સાથે રાજસ્થાનમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા નીકળ્યા હતા. મોડાસાના ઝાલોદર પાટિયા નજીક વહેલી સવારે અચાનક રોડ પર દોડતું આવી ભટકાતા કારના ભુક્કા બોલાઈ ગયા હતા. કારમાં સવાર ભંવરલાલ જૈનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે પ્રાણપંખેરું ઉડી ગયું હતું. તેમની પત્ની મનોહરબેન ભંવરલાલ જૈન અને જૉન્સેસ જૈનના શરીરે ગંભીર ઈજાઓ થતા મોડાસાની એઈમ્સ હોસ્પિટલમાં ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ મારફતે ખસેડાયા હતા. જેમાં મનોહરબેનની સ્થિતિ અત્યંત નાજુક હોવાનું મોડાસાના એઈમ્સ હોસ્પિટલના મિહિર જોશીએ જણાવ્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા ગ્રામ્ય પોલીસે મૃતકને પી.એમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અકસ્માતના પગલે મોડાસા અને માલપુર ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી જેમાં માલપુર ૧૦૮ એમ્બ્યુલન્સના ઈ.એમ.ટી. નાગિનભાઈ અને પાયલોટ વિપુલભાઈએ મૃતક પાસેથી મળેલ સોનાના ઘરેણાં અને રોકડ રકમ મોડાસા પોલીસને સુપ્રત કરી માનવતા મહેકાવી હતી. મોડાસા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સના ઈ.એમ.ટી. પ્રમોદભાઈ અને પાયલોટ ઘનશ્યામસિંહએ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી બંને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડ્યા હતા.

# પાલનપુર રેલવે સ્ટેશન પર સુરક્ષાના ભાગરૂપે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## શંકાસ્પદ ચીજવસ્તુ અને શંકાસ્પદ હિલચાલ પર બાજ નજર રાખવા સ્ટાફને તાકિદ કરાઇ

પુલવામાં થયેલા આતંકવાદી હુમલામાં ૪૦થી વધુ જવાનો શહીદ થયા હતા. જેને લઈને સમગ્ર દેશવાસીઓ હચમચી ઉઠ્યા છે. ત્યારે દેશમાં આતંકવાદી હુમલાની દહેશતને લઈને રેલવે સ્ટેશન બસ સ્ટેશન અને ધાર્મિક સ્થાનો પર સુરક્ષા પણ વધારાઈ રહી છે ત્યારે પાલનપુર સીઆરપીએફ દ્વારા રેલવે સ્ટેશન પર અવર્નેશ અને ચેકિંગ હાથ ધરાયું હતું.

પુલવામાં થયેલા આંતકી હુમલા બાદ જાહેર સ્થળો અને ધાર્મિક સ્થાનો પર આતંકવાદી હુમલાનો ભય વર્તાઈ રહ્યો છે. ત્યારે રેલવે સ્ટેશન બસ સ્ટેશન જાહેર જગ્યાઓની ધાર્મિક સ્થાનો પર પણ સુરક્ષા વધારાઈ રહી છે. ત્યારે સેન્ટ્રલ રેલવેના આદેશ બાદ પાલનપુર રેલવે સ્ટેશન પર સીઆરપીએફ દ્વારા અવરનેશ પ્રોગ્રામ યોજી અને કુલી ટેક્સી ડ્રાઈવર સુરક્ષા ગાર્ડ સહિતના લોકો સાથે સીઆરપીએફે ચર્ચા કરી હતી અને કોઈ સંદિગ્ધ વ્યક્તિ અથવા કોઇ પાર્સલ દેખાય તો તરત જ પોલીસને જાણ કરવા વિનંતી કરી હતી.

પાલનપુર રેલવે સ્ટેશન પર સી.આર.પી.એફ.ના જવાનો અને હોમગાર્ડ સહિત ચોવીસ કલાક ચેકીંગ હાથ ધરી રહ્યા છે લોકોના માલ સામાન અને આવતી જતી ટ્રેનોમાં પણ ચેકિંગ થઇ રહ્યું છે ત્યારે આતંકવાદી હુમલાના ભયને લઈને અત્યારે તો સમગ્ર જાહેર સ્થળો સહિત ધાર્મિક સ્થળોએ સુરક્ષા વધારાઈ છે.

## મોડાસા ખાતે પ્રધાનમંત્રી કિસાન નિધિ કાર્યક્રમમાં

# કોંગ્રેસના ત્રણે ધારાસભ્ય અને જિલ્લા પંચાયત પ્રમુખ મોડાસા, તાલુકા પંચાયત પ્રમુખની સૂચક ગેરહાજરી

મોડાસા, તા. ૨૪

અરવલ્લીના મોડાસા ટાઉનહોલ ખાતે રવિવારે જિલ્લા કક્ષાનો પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ કાર્યક્રમનો ગુજરાત રાજ્ય સરકારની સુજલામ સુફલામ જળ સંચય યોજના કાર્યવાહક અધ્યક્ષ અને સ્વર્ણિમ ગુજરાત રાજ્ય ૫૦ મુદ્દા અમલીકરણ સમિતિના અધ્યક્ષ આઈ. કે. જાડેજાના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. કિસાન સન્માન વિધિ કાર્યક્રમમાં ભારત સરકાર ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે નાના અને સીમાંત ખેડૂતોને સહાયરૂપ થવા માટે ૧૦૦ ટકા સહાયીત યોજના તરીકે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના જાહેર કરવામાં આવી છે. જે હેઠળ બે હેક્ટર સુધીની જમીન ધરાવતા ખેડૂતોને પ્રતિવર્ષ રૂ.૬૦૦૦/૦૦ ત્રણ માસના હપ્તામાં સહાય ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર (ટી.બી.ટી) માધ્યમથી ચુકવાશે. કાર્યક્રમમાં નગર પાલિકા પ્રમુખ શુભાષભાઈ શાહ, જિલ્લા ભાજપા પ્રમુખ/મંત્રી અને અરવલ્લી જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહી યોજનાને ખુલ્લી મૂકી હતી, પરંતુ કાર્યક્રમમાં આમંત્રિત કોંગ્રેસના ત્રણે ધારાસભ્યો ધવલસિંહ ઝાલા, રાજેન્દ્રસિંહજી ઠાકોર, અનિલભાઈ જોષીયરા, જિલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પરમાર, તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન પટેલની પ્રેરક ઉપસ્થિતિ ગેરહાજર જણાતા ઉપસ્થિત લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ખેડૂતોના પડખે ઉભા રહેવાની માત્ર વાતો કરનારા નેતાઓ જ્યારે ખેડૂતોના હિતની વાતોમાં જોડે ના હોવાથી યોજનાના કાર્યક્રમમાં હાજર ના રહેતા તર્કવિતર્ક સર્જાયા હતા. ભાજપ, કોંગ્રેસના નેતાઓ લગ્ન તેમજ અન્ય પ્રસંગોમાં એકબીજાના ઘરના પ્રસંગને દીપવતા હોય છે ત્યારે રાજકારણ એકબાજુ મૂકી દેતા નેતાઓ ખેડૂતલક્ષી મહત્વની યોજનાના કાર્યક્રમમાં કોંગ્રેસના ચૂંટાયેલા પ્રતિનિધિઓ એક સંપ થઈ હાજર ના રહી લોકોને શુ મેસેજ આપવા માંગે છે, એક સવાલ છે ? જોકે બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાની મીડિયા સાથેની ટેલીફોની વાતમાં આગામી રાહુલ ગાંધીના કાર્યક્રમ વ્યસ્ત હોવાનું જણાવ્યું હતું.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧